# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1) એક ખાનગી ચેનલ દ્વારા આયોજીત કાર્યક્રમમાં રાઇઝિંગ ગુજરાત થકી રાઇઝિંગ ભારતના નિર્માણમાં સૌએ સાથે મળીને આગળ વધવાનું મુખ્યમંત્રી આહ્વાન કર્યુ

2) ખેત પેદાશોના યોગ્ય ભાવ મળતા રાજકોટ અને જામનગર સહિતના સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને ડુંગળી વેચવા મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડયાં.

3) વલસાડના સાંસદે વલસાડ, ડાંગ, નવસારી અને તેની આસપાસ આવેલા ક્ષેત્રોને સ્વદેશ દર્શન યોજનામાં સમાવવા રજૂઆત કરી

4) સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં નાગરિકોના બેન્ક એકાઉન્ટની વિગતો મેળવી છેતરપિંડી કરનાર ટુકડીને પોલીસે ઝડપી પાડી.

5) આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યમાં ઠંડીનું જોર વધવાની હવામાન વિભાગની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CM RAISING GUJARAT 2024

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક સમાચાર ચેનલ દ્વારા આયોજિત રાઈઝિંગ ગુજરાત ૨૦૨૪ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે દુનિયાભરમાં જાણીતી બની છે. રાઇઝિંગ ગુજરાત થકી રાઇઝિંગ ભારતના નિર્માણમાં સૌએ સાથે મળીને આગળ વધવાનું છે એમ જણાવીને મુખ્યમંત્રીએ વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે વિજય દિવસ નિમિતે જવાનોની સેવાઓને બિરદાવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સંવાદ સત્રોમાં રાજ્ય સરકારના કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------

- ઇન્ફો કરણ , NAVIN

# MARKETING YARD MAGFALI

ખેત પેદાશોના યોગ્ય ભાવ મળતા રાજકોટ અને જામનગર સહિતના સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં મગફળી અને ડુંગળી વેચવા મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી રહ્યાં છે.

રાજકોટ માર્કેટીંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે મગફળી અને કપાસની ખરીદી ચાલી રહી છે. સવારથી ખેડૂતો તેમની વિવિધ જણસો લઇને ઉમટી પડતા માર્કેટીંગ યાર્ડ બહાર ટ્રકોનો ખડકલો જોવા મળે છે. યાર્ડ બહાર કિલોમીટર લાંબી વાહનોની લાઇનો લાગી જાય છે. યાર્ડના ચેરમેન સહિતના અગ્રણીઓની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. ગઈકાલે કપાસની 8 હજાર 500 અને મગફળીની એક લાખ પાંચ હજાર ગુણીની આવક નોંધાઇ છે.

બીજી તરફ જામનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સંચાલિત હાપા માર્કેટ યાર્ડમાં છેલ્લા થોડા સમયથી વિવિધ જણસીઓની ભારે આવક થઇ રહી છે. તાજેતરમાં મગફળીની જબ્બર આવક થયા બાદ આજે ડુંગળીની ભારે આવક થઇ છે. ગઇકાલથી જ ખેડૂતો ડુંગળી ભરેલ વાહનો લઈ હાપા યાર્ડ પહોંચ્યા હતાં. ૨૨૫ જેટલા વાહનો ડુંગળી સાથે ખેડૂતો યાર્ડમાં આવ્યા હતાં. ૧૫ હજાર જેટલી ગુણીની આવકથી યાર્ડ ડુંગળીથી ઉભરાયું હતું. યાર્ડના ઇતિહાસમાં સૌપ્રથમ વખત ડુંગળીની આટલી આવકથી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ડુંગળીની આવક બંધ કરાઇ હતી.

---

- HINDUSTAN SAMACHAR, પીટીસી- જામનગર AJAY SIR, હર્ષલ પંડયા, SONAL, NAVIN

# VALSAD SANSAD ON LS

લોકસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન વલસાડના સાંસદ ધવલ પટેલે વલસાડ, ડાંગ, નવસારી અને તેની આસપાસ આવેલા ક્ષેત્રોને સ્વદેશ દર્શન યોજનામાં સમાવવા અંગે સંસ્કૃતિ મંત્રાલયને પ્રશ્ન કર્યો હતો.

**(બાઈટ – ધવલ પટેલ, સાંસદ, વલસાડ)**

દરમિયાન સાબરકાંઠાના સાંસદ શોભના બારૈયાએ પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગ તેમજ હિંમતનગર પાલિકાની પાયારૂપ સમસ્યા લોકસભામાં રજૂ કરી હતી.

---

- DD, DESK, VIDHI, AJAY SIR, SONAL, NAVIN

# JUNAGDH FRAUD

સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં નાગરિકોના બેન્ક એકાઉન્ટની વિગતો મેળવી છેતરપિંડી કરનાર ટુકડીને જુનાગઢ પોલીસે ઝડપી પાડી છે. સાયબર ગુના શાખા દ્વારા કરાયેલી તપાસમાં ૨૦૦ લોકો સાથે છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું છે. જે પૈકી 82 એકાઉન્ટની વિગતો પોલીસને મળી છે અને 50 કરોડ 44 લાખ રૂપિયાની રકમની છેતરપિંડી કરાઇ હોવાનું રેન્જ આઈ જી નિલેશ ઝાંઝડીયા જણાવ્યું હતું. એક મહિલા સહિત આઠ શખ્સોની પોલીસે ધરપકડ કરી છે. ભોગ બનનાર નાગરિકોને સાયબર શાખાનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવા પોલીસ તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

---

- સંજીવ મહેતા, **JUNAGDH**, કરણ, NAVIN

# KACHCHH PRAVASI PAKSHIO

શિયાળાની ઋતુમાં કચ્છના નાના રણમાં હજારો કિલોમીટર અંતર કાપીને વિદેશી પક્ષીઓ મોટી સંખ્યામાં આવતા હોય છે. ત્યારે હાલ ફ્લેમિંગો, કુંજ, ટિલોર, રણ ચકલી, નાઈટ જાર, ડેમોલિન, જેવા પક્ષીઓ જોવા મળી રહ્યા છે. આ પક્ષીઓને નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. એવા જ એક પ્રવાસી પોતાનો અનુભવ આ રીતે વર્ણવે છે

## બાઇટ રાજેન્દ્ર મહેતા

--------------------------------------------------------------------

- ndms કરણ મયુર

NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

## ગોન્ગ મ્યુઝિક

........................................

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# WEATHER

રાજ્યમાં ઠંડીનું જોર વધી રહ્યું છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન નર્મદા જીલ્લામાં સૌથી ઓછુ 6.8 ડિગ્રી તાપમાન નોંધાયું હતું જ્યારે નલિયામાં 7.8 ડિગ્રી તાપમાન રહ્યું હતું. દાહોદમાં 8.1, અમરેલીમાં 9.6 તેમજ કચ્છમાં 9.9 ડિગ્રી તાપમન રહ્યું હતું જ્યારે અમદાવાદમાં તાપમાનનો પારો 14 ડિગ્રી રહ્યો હતો..

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર ભારત તરફથી આવી રહેલા ઠંડા પવનોને કારણે ઠંડીનું જોર વધે તેવી શક્યતા વ્યક્ત કરી છે.

---

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા , NAVIN

# GUJ.VIDHAN.ANDAJ SAMITI- KUTCH TOUR

રાજ્ય વિધાનસભાની અંદાજ સમિતિના સભ્યો આગામી ૨૪ થી ૨૬ ડિસેમ્બર દરમિયાન શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગ અંતર્ગત કચ્છ જિલ્લાનો અભ્યાસ પ્રવાસ કરશે.

આ સમિતિ કચ્છના વિવિધ પ્રવાસન સ્થળો કાળો ડુંગર, રોડ ટુ હેવન, દતાત્રેય મંદિર, ધોરડો ટેન્ટ સિટી, ધોળાવીરા-વિશ્વ ધરોહર સ્થળ અને મ્યુઝીયમ, નારાયણ સરોવર, કોટેશ્વર, જેસલ – તોરલની સમાધિની મુલાકાત લેશે.

---

- INFO, AJAY SIR, SONAL

# AAADIJATI VIKAS MANDAL BETHAK

બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપુતના અધ્યક્ષસ્થાને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સભ્ય સચિવ અને પ્રાયોજના વહીવટદાર દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન યોજના તથા જિલ્લાની આદિજાતિ વસ્તી અને તેના આધારે થતી જોગવાઈ અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

જિલ્લાના કુલ ૧ હજાર ૨૮૮ લાખ કરતા વધુના ૩૬૨ કામોનું આયોજન જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દ્વારા મંજૂર કરાયું હતું.

આ બેઠકમાં મંત્રીએ આદિજાતિ વિસ્તારના લોકોની સુખાકારી માટે ગામની અંદર એક શેડ બનાવી બહુલક્ષી કામ કરવા સૂચન કર્યું હતું.

---

- PTC-BANASKANTHA-SAVAJI CHAUDHARY, HEMANGINI, SONAL

# RAILWAY YADI

ઉત્તર પશ્ચિમ રેલવે અજમેર મંડળના આબુ રોડ – માવલ વિભાગ વચ્ચે આરસીસી બોક્સ લોન્ચિંગ કરવા માટેના પ્રસ્તાવિત બ્લોકને કારણે કેટલીક ટ્રેનોને અસર થશે. આ ટ્રેનોની વિગતોમાં આજે જોધપુરથી ચાલતી જોધપુર-સાબરમતી એક્સપ્રેસ અને 18 ડિસેમ્બરના રોજ સાબરમતી-જોધપુર એક્સપ્રેસ આંશિક રીતે રદ કરવામાં આવશે.

આ ઉપરાંત આજે લાલગઢ-દાદર રણકપુર એક્સપ્રેસ લાલગઢથી 2.00 વાગે અને ભગત કી કોઠી-પુણે એક્સપ્રેસ સાડા ત્રણ કલાકે રીશેડ્યુલ કરવામાં આવશે.

જ્યારે આજે સાબરમતી-ગ્વાલિયર એક્સપ્રેસ માવલ સ્ટેશન પર 12 મિનિટ રેગ્યુલેટ થશે.

---------------------------------------------------------------------

- RAILWAY YADI, HEMANGINI, SONAL

# AMC

જાહેર રોડ ઉપર કચરો ફેંકી ગંદકી બદલ અમદાવાદના એસજી હાઈવે, ઘાટલોડિયા અને મણિનગરમાં 25 દુકાનો સીલ કરવામાં આવી હતી.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં ઉત્તર પશ્ચિમ ઝોનના સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ અને આદર્શ સફાઈના અભાવ બદલ ગોતા, ઘાટલોડિયા, થલતેજ અને બોડકદેવ વિસ્તારમાં કુલ 8 તેમજ પૂર્વ વિસ્તારમાં મણીનગર, બહેરાપુરા, વટવા સહિતના વિસ્તારોમાં જાહેર રોડ પર ગંદકી કરવા બદલ 17 એમ 25 દુકાનોને સીલ કરી દેવાઇ હતી.

જાહેર માર્ગો પર ગંદકી ફેલાવવા, સ્વચ્છતા ન જાળવવા, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા એકમો, ડસ્ટબીન નહીં રાખતા એકમો, ચાની લારી, પાનના ગલ્લા, સહિતના એકમોમાં હાથ ધરાયેલી ચેકિંગ ઝુંબેશના ભાગરૂપે વિસ્તારમાં બે દિવસમાં 203 એકમોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું અને ગંદકી કરવા બદલ 128 એકમને નોટિસ અપાઈ છે અને પ્રતિબંધિત પ્લાસ્ટિક 7 કિલો જેટલું જપ્ત કર્યું છે. દોઢ લાખ રૂપિયા જેટલો વહીવટી ચાર્જ પણ વસૂલ કરવામાં આવ્યો છે. જ્યારે પૂર્વ વિસ્તારના મણીનગર, વટવા અને બહેરામપુરા વિસ્તારમાં એક જ દિવસમાં 357 જગ્યાઓ પર તપાસ કરી 143 નોટિસ આપવામાં આવી છે અને અંદાજે ચાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક નો જથ્થો જપ્ત કરીને 90 હજાર 500 રૂપિયાનો દંડ વસૂલ્યો છે..

---

- પીટીસી અમદાવાદ હર્ષલ પંડ્યા, NAVIN